હવે અનાજ ખરીદી AI ટેકનોલોજીથી

ખરિફ માર્કેટિંગ સીઝન ૨૦૨૫-૨૬માં પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ, મહિસાગર, આણંદ અને પંચમહાલના ૧૦ ખરીદ કેન્દ્રો પર એઆઈ આધારિત અનાજ વિશ્લેષકનો ઉપયોગ

૬,૧૯૧ ડાંગરના નમૂનાઓનું પૃથ્થકરણ, ૩,૩૭૯ નમૂનાઓ શ્રેષ્ઠ કક્ષાના, ૩૪૧ નમૂનાઓ નકારાયા

ગાંધીનગરઃ ગુજરાતમાં લઘુત્તમ ટેકાના ભાવ હેઠળ અનાજની ખરીદી અને જાહેર વિતરણ વ્યવસ્થામાં ગુણવત્તા તથા પારદર્શકતાને વધુ મજબૂત બનાવવા માટે કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. ખરિફ માર્કેટિંગ સીઝન ૨૦૨૫-૨૬માં ડાંગરની ખરીદી અંતર્ગત પાયલોટ પ્રોજેક્ટ તરીકે અમદાવાદ, મહિસાગર, આણંદ અને પંચમહાલ જિલ્લાના ૧૦ ખરીદ કેન્દ્રો પર એઆઈ આધારિત અનાજ વિશ્લેષક મુકવામાં આવ્યા છે. આ વ્યવસ્થા હેઠળ અત્યાર સુધીમાં કુલ ૬,૧૯૧ ડાંગરના નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે, જેમાં ૩,૩૭૯ નમૂનાઓ એટલે કે ૫૪.૬ ટકા શ્રેષ્ઠ કક્ષા અને ૨,૮૧૨ નમૂનાઓ એટલે કે ૪૫.૪ ટકા સામાન્ય કક્ષાના હોવાનું સામે આવ્યું છે, જ્યારે ૩૪૧ નમૂનાઓ નકારી કાઢવામાં આવ્યા છે. આ પાયલોટ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ અનાજની ગુણવત્તા ચકાસણીમાં ટેકનોલોજીનો ઉપયોગ વધારીને ખરીદી પ્રક્રિયાને વધુ ચોક્કસ, પારદર્શક અને વિશ્વસનીય બનાવવાનો છે.

૧૦ કેન્દ્ર પર ૧૩,૩૩૪ નોંધણી

પાયલોટ પ્રોજેક્ટ હેઠળ મહિસાગર જિલ્લાના લુણાવાડા ખાતે ૨,૨૭૮ અને સંતરામપુર ખાતે ૧,૨૪૬, આણંદ જિલ્લાના ખંભાત ખાતે ૨,૬૬૩ અને બોરસદ ખાતે ૮૮૪, અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે ૧,૦૦૦, બાવળા ખાતે ૯૦૯, વિરમગામ ખાતે ૧,૦૭૮ અને સાણંદ ખાતે ૧,૨૮૮, જ્યારે પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે ૯૮૬ અને શહેરા ખાતે ૧,૦૦૨ મળીને કુલ ૧૩,૩૩૪ નોંધણી થઈ છે. આ કેન્દ્રો પર મુકાયેલા એઆઈ આધારિત અનાજ વિશ્લેષક દ્વારા ડાંગરના નમૂનાઓની ગુણવત્તા અંગે વિવિધ પરિમાણોનું ઝડપી અને ચોક્કસ પૃથક્કરણ કરવામાં આવી રહ્યું છે.

ભેજથી માંડીને દાણાની ખામી સુધીની ચકાસણી

એઆઈ આધારિત મશીન દ્વારા ડાંગરના નમૂનામાં રહેલી વિદેશી ભેળસેળ, ક્ષતિગ્રસ્ત અથવા રંગ બદલાયેલા દાણા, અપરિપક્વ કે સંકોચાયેલા દાણા, અન્ય દાણાની ભેળસેળ તેમજ ભેજનું ચોક્કસ પ્રમાણ ચકાસવામાં આવે છે. અત્યાર સુધીના આંકડા મુજબ ધોળકા ખરીદ કેન્દ્ર પર સૌથી વધુ ૨૪ ટકા નમૂનાઓ નકારવામાં આવ્યા છે, જ્યારે વિરમગામ ખાતે નકારાયેલા નમૂનાઓનું પ્રમાણ શૂન્ય ટકા રહ્યું છે. આ મશીનના સંચાલન માટે સતત વીજ પુરવઠો અને દરેક કેન્દ્ર પર એક વ્યક્તિની જરૂર પડે છે. બીજી તરફ, નિગમની હાલની તૃતીય પક્ષ પદ્ધતિમાં બે વ્યક્તિઓ વૈજ્ઞાનિક સાધનોની મદદથી વીજળી વિના પણ નમૂના લેવાની અને ગુણવત્તા ચકાસવાની કામગીરી કરે છે.

અનુસંધાન ... પાના ચોથાનું

મોદી આજે ગુજરાતમાં,...

મુંબઈ પહોંચશે, જ્યાં સાંજે વૈશ્વિક ફિનટેક મહોત્સવ-૨૦૨૬નું ઉદ્ઘાટન કરશે. વડોદરાના કાર્યક્રમમાં દેશના માલવાહક પરિવહન માળખાને વધુ મજબૂત બનાવનારા પશ્ચિમ સમર્પિત માલવાહક માર્ગના ૩૨૬ માર્ગ કિલોમીટરના ત્રણ મહત્વપૂર્ણ વિભાગોનું વડાપ્રધાન રાષ્ટ્રને સમર્પણ કરશે. રૂ.૨૦,૭૦૦ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવેલા આ વિભાગોમાં ન્યૂ સાણંદ ઉત્તરથી ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામથી ન્યૂ સફાળે અને ન્યૂ સફાળેથી ન્યૂ જવાહરલાલ નહેરુ બંદર સુધીના વિભાગોનો સમાવેશ થાય છે. આ ત્રણેય વિભાગો કાર્યરત થતાં સમર્પિત માલવાહક માર્ગનું સમગ્ર નેટવર્ક તેની સંપૂર્ણ લંબાઈમાં કાર્યરત બની જશે.

બંદરો અને ઔદ્યોગિક કેન્દ્રો વચ્ચે કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે

પશ્ચિમ સમર્પિત માલવાહક માર્ગને જવાહરલાલ નહેરુ બંદર સાથે સીધી જોડાણ મળતાં નિકાસ-આયાતના માલની ઝડપી હેરફેરને મોટો વેગ મળશે. ઔદ્યોગિક કેન્દ્રો અને બંદરો વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનશે, માલ પરિવહનનો ખર્ચ અને સમય ઘટશે તથા મુંબઈના રેલવે નેટવર્ક પરનું ભારણ પણ હળવું થશે. વડાપ્રદ્યાન ન્યૂ સાણંદ ઉત્તર, ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ અને ન્યૂ જવાહરલાલ નહેરુ બંદરથી માલગાડી સેવાઓને પણ લીલી ઝંડી બતાવશે. આ ઉપરાંત ટાંડા રોડ અને વડોદરા પ્રતાપનગર વચ્ચે નવી મુસાફર ટ્રેન સેવાનો પ્રારંભ કરાવવામાં આવશે. છોટાઉદેપુર-ધાર રેલવે પ્રોજેક્ટના ભાગરૂપે વિકસાવવામાં આવેલી જોબટ-ટાંડા રોડ નવી રેલવે લાઇન પણ વડાપ્રધાન રાષ્ટ્રને સમર્પિત કરશે. આ નવી રેલવે લાઇન અલીરાજપુરના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારોને રાષ્ટ્રીય રેલવે નેટવર્ક સાથે જોડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

રૂ.૯,૭૦૦ કરોડના ત્રણ મોટા રેલવે પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ

વડાપ્રધાન ૩૨૯ કિલોમીટરમાં ફેલાયેલા રૂ.૯,૭૦૦ કરોડથી વધુના ત્રણ મહત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે. તેમાં વડોદરા-રતલામ ત્રીજી અને ચોથી રેલવે લાઇન, મિયાગામ કરજણ-ચોરંડા-માલસર રેલવે માર્ગનું ગેજ રૂપાંતરણ તથા વિશ્વામિત્રી-ડભોઈ રેલવે માર્ગનું બેવડીકરણ સામેલ છે. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થતાં મુસાફર અને માલવાહક ટ્રેનોની ક્ષમતા વધશે, રેલવે માર્ગો પરનું ભારણ ઘટશે અને ગુજરાત તથા મધ્યપ્રદેશ વચ્ચેની રેલવે કનેક્ટિવિટી વધુ સુદૃઢ બનશે.

સુરત-વડોદરા માર્ગ પર પણ માળખાકીય વિકાસને વેગ

વડાપ્રધાન આશરે રૂ.૧,૭૮૦ કરોડના ખર્ચે હાથ ધરાનારા ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનો પણ શિલાન્યાસ કરશે. તેમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૮ના કામરેજ-ચલથાણ વિભાગને છ માર્ગીય બનાવવાનું કામ, વડોદરા-સુરત વિભાગમાં તાપી અને નર્મદા નદી પરના મોટા પુલો સહિત વધારાના માળખાંનું નિર્માણ તથા રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૩ પર આભવા, મિંઢોળા અને ખજોદ જંક્શન ખાતે અલગ માર્ગીય માળખાંના નિર્માણનો સમાવેશ થાય છે.

વડોદરાને રાજ્ય સરકારના રૂ.૨,૬૦૦ કરોડના પ્રોજેક્ટ્સની પણ ભેટ

વડાપ્રધાન રાજ્ય સરકારના આશરે રૂ.૨,૬૦૦ કરોડના વિવિધ પ્રોજેક્ટ્સનું પણ શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. તેમાં વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના રિંગ રોડના બીજા તબક્કા, કડાણા ડેમ ખાતે ૧૧૦ મેગાવોટની તરતી સૌર ઊર્જા યોજના તથા વડોદરા મહાનગરપાલિકાની નવી કચેરીના નિર્માણ સહિતના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરવામાં આવશે. જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના આવાસ પ્રોજેક્ટ્સ તથા પૂર્વ વડોદરાના ૧૧ ગામો માટેની પાણી પુરવઠા યોજનાનું ઉદ્ઘાટન પણ કરવામાં આવશે.

નવસારીમાં ભાજપની નવી કચેરીનું ઉદ્ઘાટન, સાંજે મુંબઈ રવાના

વડોદરાના કાર્યક્રમો પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન બપોરે આશરે ૩ વાગ્યે હેલિકોપ્ટર મારફતે નવસારી પહોંચશે. અહીં તેઓ જિલ્લા ભાજપની નવી કચેરી 'નમો કમલમ'નું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ સાંજે ૪ વાગ્યા પછી નવસારી હેલિપેડથી સુરત અને ત્યાંથી મુંબઈ જવા રવાના થશે. મુંબઈમાં સાંજે આશરે ૫:૪૫ વાગ્યે વડાપ્રધાન વૈશ્વિક ફિનટેક મહોત્સવ-૨૦૨૬નું ઉદ્ઘાટન કરશે અને ઉપસ્થિત લોકોને સંબોધન કરશે. આમ, વડાપ્રધાનનો ૮ સપ્ટેમ્બરનો ગુજરાત પ્રવાસ રેલવે, માલવાહક પરિવહન, માર્ગ, શહેરી વિકાસ, આવાસ અને પાણી પુરવઠા સહિતના અનેક ક્ષેત્રોમાં મોટા પાયે વિકાસકાર્યોને વેગ આપનારો બની રહેશે.

વૈશ્વિક તાંબાના...

અને પાવર ગ્રીડ તરફથી વધતી માંગ પહોંચી વળવા માટે વિશ્વની જૂની થઈ ગયેલી મોટી ખાણો સંઘર્ષ કરી રહી છે – આ એવી સ્થિતિ છે જેનો દાવો તાંબાના તેજીવાળાઓ વર્ષોથી કરી રહ્યા છે. પરંતુ ટૂંકા ગાળાના પરિબળો પણ સામે આવ્યા છે – ખાસ કરીને, અમેરિકામાં ઊંચા ભાવોનો લાભ લેવા માટે વેપારીઓ દ્વારા આ વર્ષે મોકલવામાં આવેલો લાખો ટન માલ. પ્રાથમિક તાંબાની આયાત પર ટેરિફ લાદવાની શક્યતાને આધારે હજુ પણ બજારમાં ભાવ નક્કી થઈ રહ્યા છે, અને આ સ્થિતિ વાણિજ્ય વિભાગ દ્વારા વ્હાઇટ હાઉસને આ કરવેરા જરૂરી છે કે નહીં તે અંગે અહેવાલ આપવાનો સમય મર્યાદા પૂરી થયાના બે મહિના પછી પણ યથાવત છે.

સંરક્ષણ મંત્રાલયે...

હેલિકોપ્ટરો ભારતીય ભૂમિસેના અને વાયુસેના માટે તમામ ભૂપ્રદેશો અને ઓપરેશનલ પરિસ્થિતિઓમાં જટિલ મિશન પૂર્ણ કરશે. વિવિધ ભૂપ્રદેશોમાં કામગીરી દરમિયાન લડાયક ટુકડીઓને ક્રોસિંગ પૂરું પાડવા માટે ટ્રોલ ટેન્ક અને બ્રિજ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે." ભારતીય નૌકાદળ માટે, અરૂપ્રા રડાર ખરીદવા તથા મરીન ગેસ ટર્બાઈનની ડિઝાઈન, વિકાસ અને તબક્કાવાર ખરીદી માટે AoN આપવામાં આવ્યું હતું. અરૂપ્રા રડાર વિવિધ નેવલ એર સ્ટેશનો પર હાલના એર ટ્રૂટ સર્વેલન્સ રડારનું સ્થાન લેશે, અને MGT (યુદ્ધ જહાજ પ્રોપલ્શન સિસ્ટમ) વિદેશી વિક્રેતાઓ પરની નિર્ભરતા ઘટાડે તેવી અપેક્ષા છે. આપવામાં આવેલા કુલ AoN માંથી, આશરે ૯૮ ટકા ખરીદી ભારતીય ઉદ્યોગો પાસેથી કરવામાં આવશે.

ગામડાઓ માટે...

કરવાનો નિર્ણય લીધો છે. સુધારેલા નિયમ મુજબ, તમામ ઘરગથ્થુ એલપીજી ગ્રાહકો - શહેરી વિસ્તારમાં રહેતા હોય કે ગ્રામીણ વિસ્તારમાં, તેઓ એક બુકીંગના ૨૫ દિવસના ગાળા પછી તેમનું આગામી રિફિલ બુક કરાવી શકશે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓને આ નવો નિયમ તાત્કાલિક અમલમાં મૂકવા સૂચના આપી છે. ગ્રામીણ ગ્રાહકો માટે, આનો અર્થ એ છે કે મહત્તમ બુકિંગ સમયગાળો અસરકારક રીતે ૨૦ દિવસ ઘટી ગયો છે.

યુએસમાં લેબર ડેની...

ડીઝલનો વ્યાપક ઉપયોગ થતો હોવાથી આ પરિવહન ખર્ચનો ભાર ગ્રાહકો પર પડી રહ્યો છે, જેનાથી ગ્રોસરી અને કુરિયર સેવાઓ મોંઘી થઈ છે.

મધ્ય પૂર્વ ઉપરાંત અન્ય પરિબળો પણ અસર કરી રહ્યા છે. અમેરિકન રિફાઈનરીઓ 98 ટકા ક્ષમતા પર કામ કરી રહી છે, જ્યાં ગરમી કે વાવાઝોડાને કારણે ઉત્પાદન ઠપ થવાનું જોખમ છે. આ સિવાય, રશિયન રિફાઈનરીઓ પર યુક્રેનના ડ્રોન હુમલા અને ચીનમાં ઘટેલું ઉત્પાદન પણ વૈશ્વિક સપ્લાયને અસર કરી રહ્યું છે.

યુએસ એનર્જી સેક્રેટરી ક્રિસ રાઈટે જણાવ્યું હતું કે ટ્રમ્પ પ્રશાસન ઉત્પાદન વધારવા પગલાં લઈ રહ્યું છે અને ફ્યુચર્સ માર્કેટના આધારે આગામી મહિનાઓમાં ભાવ ઘટવાની આશા છે.

મોસ્કોમાં UPના...

અને રવિવારે તેમની અટકાયત કરીને જેલમાં મોકલી દેવાયા હતા.બીજી તરફ, મોસ્કો સ્થિત ભારતીય દૂતાવાસે આ ઘટનાની નોંધ લેતા જણાવ્યું છે કે તેઓ સ્નેહા અને સ્થાનિક તંત્રના સંપર્કમાં છે. રશિયન કાયદા અમલીકરણ સંસ્થાઓ મુજબ આ કાનૂની મામલો હોવાથી તપાસ ચાલી રહી છે, જ્યારે ભારતીય દૂતાવાસે વકીલ સાથે મુલાકાત કરવાની મંજૂરીની માગ કરી છે. ઉલ્લેખનીય છે કે, રશિયા-યુક્રેન યુદ્ધમાં અગાઉ પણ ભારતીયોને છેતરપિંડીથી કે દબાણવશ રશિયન સેનામાં સામેલ કર્યાના કિસ્સા સામે આવ્યા છે. ભારત સરકારના રાજદ્વારી પ્રયાસોથી અત્યાર સુધીમાં 139 નાગરિકોને મુક્ત કરાવવામાં આવ્યા છે, જ્યારે બે ડઝન જેટલા ભારતીયો હજુ પણ ત્યાં અટવાયેલા છે.

બંગાળની સરકારી...

સુવેન્દુ અધિકારીએ આ બાબતે માફી માગી હતી. ''પહેલા તો મુખ્યમંત્રી તરીકે હું આ ભૂલભરેલી સરકારી જાહેરાત બદલ માફી માગુ છું. જેમણે આ જાહેરાત બનાવી છે તેમને કડક ચેતવણી અપાઇ છે અને હવેથી સરકાર કાળજી રાખશે'' એમ તેમણે કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે માહિતી અને સાંસ્કૃતિક બાબતોના વિભાગે આ જાહેરાત દ્વારા કોલકાતામાં સોમવારે યોજાનાર સમન્વય બેઠકની જ માહિતી આપી હતી.

મોદીના હસ્તે...

આવાસોનું લોકાર્પણ થશે.

- માર્ગ અને મકાન વિભાગ હેઠળ મહીસાગર અને વાત્રક નદી પરના મોટા પુલો, નડિયાદ-ડાકોર-પાલી માર્ગ પરના પુલ સહિતના કામોનું લોકાર્પણ કરાશે
- આણંદના નવા બસ મથકનું ખાતમુહૂર્ત, નવસારીના એરુ ખાતે પોલીસ મુખ્યાલયની વિવિધ સુવિધાઓનું લોકાર્પણ કરાશે
- ઔદ્યોગિક વિસ્તારોમાં માર્ગ અને પાઇપલાઇનના કામો તથા તાપીના સોનગઢ વિસ્તારમાં રૂ.૨૧૪.૫૨ કરોડની ત્રણ પાણી પુરવઠા યોજનાઓનું પણ લોકાર્પણ કરવામાં આવશે.

સુડોકુ, ક્રૂટ

	૯			૫	૪			
			૬		૯	૭	૮	૪
		૪			૩	૯	૨	
	૩	૮	૨			૪		
૯								
૪	૧			૩	૭	૮	૫	૨
	૭	૨		૯			૧	
			૫	૮	૨			
૫			૩	૭	૧		૪	૮

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭	૨	૨	૬	૭	૬	૩	૬	૫
૩	૭	૬	૨	૨	૭	૫	૬	૨
૬	૬	૫	૬	૩	૨	૨	૭	૭
૨	૫	૭	૭	૬	૩	૬	૬	૨
૭	૬	૩	૭	૨	૬	૫	૨	૩
૬	૩	૨	૫	૬	૨	૭	૩	૭
૫	૨	૩	૩	૬	૭	૨	૭	૬
૨	૭	૭	૩	૨	૬	૩	૫	૫
૬	૩	૬	૨	૫	૭	૭	૩	૨

૨૬૬૬-ક્રૂટ કીડ્સ

આજનું પંચાંગ

તા. 08/09/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** શ્રાવણ
તિથિ: વદ: બારસ:14:44- મંગલા ગૌરી પૂજન
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : ભાદરવા:17
યોગ : પરિઘ **કરણ:** ગર
નક્ષત્ર : પુષ્ય:16:40 પછી આશ્લેષામાં જન્મેલાની શાંતિ કરાવવી
રાશિ: કર્ક (ડ,હ,)
દિવસ : સામાન્ય- ભોમપ્રદોષ- પર્યુષણ પર્વારંભ- ચતુર્થી પક્ષ જૈન
સુરતમાં સૂર્યોદય : 06:25 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:48
નવકારસી : 07:13
પારસી વર્ષ : 1396 ફરવરદીન માસનો 25મો રોજ
મુસલમાન વર્ષ : 1448, રબિઉલ અવલ માસનો 25મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ,
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ,
રાહુ કાળ : બપોરે : 15.00થી 16:30 સુધી

મેષ (અ,લ,ઇ,): કામનો બોજ સતાવે. બહારના કામમાં મદદ મળે. વેપાર-ધંધામાં આવક વધે. જીવન સાથીનો સાથ મળે.
વૃષભ (બ,વ,ઉ,): સરકારી કામમાં મદદ મળે. નોકરીમાં નવી તક ઊભી થાય. સહકર્મી મિત્રો વગેરેની મદદથી અટકેલા કામ પૂર્ણ થાય.
મિથુન (ક,છ,ઘ,): વાદ-વિવાદ ટાળવો. માનસિક અશાંતિ સતાવશે. પારીવારિક પ્રશ્નો સતાવે. આર્થિક બાબતે ધીરજ રાખવી.
કર્ક (ડ,હ,): પોતાના વિચારો બીજા પર નાખવાની કોશિષ કરવી નહી. વિરોધનો સામનો કરો પડશે. નોકરી-ધંધામાં નવી તક મળે.
સિંહ (મ,ટ,): માનસિક પીડા વદે. સંતાનોથી અશાંતિ પેદા થાય. આરોગ્ય નરમ રહે. પ્રવાસમાં સાવધાની રાખવી. ખર્ચા વધશે.
કન્યા (પ,ઠ,ણ,): નવા રોકાણમાં માર્ગદર્શન લેવુ. પ્રેમમાં વિશ્વાસ વદે. મિત્રોનો સાથ મળે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય.
તુલા (ર,ત,): અટકેલો કામ થાય. નવા ફેરફારથી અનુકુળતા વદે. સંપત્તિ બાબતે નવા રોકાણથાય. ધંધામાં આવક વધે.
વૃશ્ચિક (ન,ય,): જીવન સાથીનો સાથ મળે. ધર્મ-કર્મ થાય. બૌદ્ધિક લોકોની સલાહ મળે. વિદેશના કામમાં ગતિ આવે.
ધન (ભ,ધ,ફ,ઢ,): પડવા-વાગવાથી સાવધાન રહેવુ. સ્વાર્થી લોકો અને ઊપરી વર્ગથી નુકસાન થઈ શકે છે. ગુપ્ત ભય સતાવે.
મકર (ખ,જ,): નોકરી-ધંધામાં અનુકુળતા રહે. નવી નોકરીની તક મળે. સમાજમાં માન વધે. અચાનક આવક વધશે.
કુંભ (ગ,સ,શ,ષ,): હરીફોથી સાવધાન, સરકારી નોકરીની ઈચ્છા હકારાત્મક બને. નવી જવાબદારીથી પ્રભાવ વદે. ખર્ચા વદે.
મીન (દ,ચ,ઝ,થ,): શુભ સમાચાર મળે. સંતાનોની પ્રગતિ થાય. શેર બજારમાં લાભ થાય.પ્રેમમાં અનુકુળતા વધશે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઈ પણ સાલમાં 08 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષનો અનુભવ વધારશે. નોકરી ધંધામાં હરીફો સતાવે. નવી જવાબદારી અને સ્થાનફેરથી ઠોડઘામ અને અશાંતિ વધે. ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવું પડશે. આર્થિક ભીંસનો અનુભવ વધે. ઉદરાણી અટકે. આરોગ્ય નરમ-ગરમ રહે. સમાજમાં સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ- કચેરીમાં વિઘ્નો આવે. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં ચડતી-પડતી રહે. પ્રેમ વિવાહમાં અવરોધ આવે. ઉમરલાયકના વિવાહના ખર્ચા સતાવે. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડશે. વિદેશનો કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં વિઘ્નો આવે. મિત્રો-વડીલોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ- ધર્મ-કર્મથી શાંતિ મળે. ડીસેમ્બર-જાન્યુઆરી- ફેબ્રુઆરી, શુક્ર- શનિવાર, 08-17,26 તારીખે નવા કામ કરવો. માર્ચ- એપ્રિલ-બુધવાર- 07,16,25 તારીખે નવા કામ ટાળવો. કાળો અનનીલો રંગ વાપરવો. સોનેરી રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરતા રહેવું.

પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ

કોસ ફીડર વ્યવસ્થામાં ફેરફાર

ભારતના રાષ્ટ્રપતિના વતી નીચેના કામો માટે મંડળ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ Tr.D), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા – ૩૯૦૦૦૪ દ્વારા ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **ટેન્ડર નંબર: EL/TRD/Tender/26-27/17R તારીખ: 03/09/2026 કામનું નામ:** વડોદરા ડિવિઝનના છોટાઉદેપુર ટ્રેક્શન સબ-સ્ટેશન ખાતે હાલની 132 kV કોસ ફીડર વ્યવસ્થામાં સુધારો/ફેરફાર. **કામની અંદાજિત કિંમત:** ₹૨,૩૯,૩૦૮.૨૦/- **બિડ સિક્યુરિટી:** ₹૪,૮૦૦.00/- **ટેન્ડર દસ્તાવેજની કિંમત અને કામ પૂર્ણ કરવાની અવધિ:** કામ પૂર્ણ કરવાની અવધિ ૧૮ મહિના **ટેન્ડરની નિર્ધારિત તારીખ:** ટેન્ડર બંધ થવાની તારીખ ૦૫/૧૦/૨૦૨૬ બંધ થવાનો સમય તે જ દિવસે ૧૫:૦૦ કલાકે **વેબ પેજની વિગતો અને નોટિસનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે તથા કચેરીનું સરનામું અને સ્પષ્ટતા માટે:** વેબસાઈટ@ www.ireps.gov.in મંડળ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ TrD), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા – ૩૯૦૦૦૪. BRC-226

અમને ફોલો કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ

ICF બોગીઓની વિવિધ પ્રવૃત્તિઓનું કામ

ભારતના રાષ્ટ્રપતિ વતી, નાયબ મુખ્ય યાંત્રિક ઈજનેર, કેરેજ અને વેગન રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર દ્વારા નીચે આપેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે: **ઈ-ટેન્ડર નોટિસ નં.:** M137_MECH_PRTN_TEND_26_12 **તારીખ: 01-09-2026 કાર્યનું નામ:** કાર્યક્ષેત્ર મુજબ પશ્ચિમ રેલવેના પ્રતાપનગર વર્કશોપમાં બીવીઝેડઆઈ (BVZI) બોગીઓ સહિત આઈસીએફ (ICF) બોગીઓની વિવિધ પ્રવૃત્તિઓનું કાર્ય. **કામની અંદાજિત કિંમત:** ₹૨,૧૦,૬૬,૧૫૦.૩૨ (રૂપિયા બે કરોડ દસ લાખ છાસઠ હજાર એકસો પચાસ અને બત્રીસ પૈસા માત્ર) **બિડ સિક્યુરિટી:** ₹૪,૨૧,૩૦૦.00 (રૂપિયા ચાર લાખ એકવીસ હજાર ત્રણસો માત્ર) **ટેન્ડર દસ્તાવેજ ફી:** NIL **કરારનો સમયગાળો:** ચોવીસ મહિના **ઓફરની માન્યતા:** ૯૦ દિવસ **ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** ૦૧-૧૦-૨૦૨૬, ૧૫:૦૦ કલાકે **વેબસાઈટની વિગતો અને જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય તે સ્થળ:** વેબસાઈટ: www.ireps.gov.in ચીફ વર્કશોપ મેનેજરની કચેરી, પ્રતાપનગર, પશ્ચિમ રેલવે – ૩૯૦૦૦૪ BRC-224

અમને ફોલો કરો: facebook.com/WesternRly

RAJHANS® **ગોપીતળાવ** નવસારી બજાર, સુરત

સુપરહીટ એક્શન, સંવાદો
મિરઝાપુર (ધ મુવી)
પંકજ ત્રિપાઠી
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૪૫, ૨.૪૫, ૬.૩૦, રાત્રેઃ ૯.૧૫, ૧૦.૧૫, ૧૦.૪૫
હનુમાન અંશ
૨.૦૦, ૪.૪૫, ૬.૧૫, ૭.૪૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
: 99984 46007
: @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com paytm

સુપર હીટ એક્શન, સંવાદો...



મિરઝાપુર (ધ મૂવી)
૮.૩૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૨.૩૦, ૩.૩૦, ૪.૨૫, ૫.૦૦, ૫.૩૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે : ૮.૩૦, ૯.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦

એક્શન થ્રીલર
ટોક્સિક
૯.૦૦, ૧૧.૦૦, ૧.૩૦, ૫.૦૦, રાત્રે : ૯.૩૦
હનુમાન અંશ
(હિન્દી) ૯.૦૦, ૧૧.૪૦, ૨.૦૦, ૭.૪૫, રાત્રે : ૯.૨૦, ૧૦.૩૦
ટોમ એન્ડ ચેરી
(ગુજરાતી) ૧૧.૪૫, ૭.૦૦
અસંભઉઉઉ
(ગુજરાતી) ૯.૦૦, ૨.૩૦, ૫.૧૦
I AM GAME
(હિન્દી) ૨.૩૦, ૭.૫૦
જીવન યા ભીમા કોન?
અરશદવારસી • વિજય રાજ • સંજીદા શેખ
૧૨.૨૫, ૪.૫૦

દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

કર્ણનાદ - tinnitus

કાનમાં સતત થાતો અવાજ અતિ તકલીફ આપે છે. રોજ સવારે સાત દાણા સફેદ મરી એક ચમચી ઘી સાથે, ઠુંફાળા પાણીથી ગળી લો . એક માસ પ્રયોગ ચાલુ રાખો.

સિહાંસન માટેની તીવ્ર લડાઈ

મિરઝાપુર (ધ મુવી)
પંકજ ત્રિપાઠી, કાલીન ભૈયા
૧૨.૧૫, ૩.૪૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦

એક્શન થ્રીલર

ટોક્સિક
યશ, કિયારા અડવાણી,